ગાંધીનગર સમાચાર

# સમગ્ર ઉત્તરભારતમાં કાતિલ ઠંડી

લખનૌ,તા. ૨૭

ઉત્તરપ્રદેશ સહિત દેશભરમાં કોલ્ડવેવ યથાવત રહી છે. ઉત્તરપ્રદેશમાં વધુ ૨૦ લોકોના મોત સાથે મોતનો આકડો વધીને ૧૦૦ ઉપર પહોંચી ગયો છે. બીજી બાજુ ૫૦થી વધુ ટ્રેનોમાં વિલંબ થયો છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં લોકોની હાલત ખુબ જ કફોડી બનેલી છે. હિમાચલમાં લઘુત્તમ તાપમાન ખુબ જ નીચે પહોંચી ગયું છે. ઉંચાણવાળા વિસ્તારોમાં માઈનસમાં તાપનમાં નોંધાયું છે. સિમલામાં લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી થઈ ગયું છે જ્યારે કિન્નોર જિલ્લામાં કાલપા અને લાહોલ-સ્પીતી જિલ્લામાં કેલોન ખાતે તાપમાન માઈનસ ૧૦.૩ અને ૧.૮ ડિગ્રી નોંધાયું છે. ચંબા જિલ્લામાં ડલહોસી ખાતે ત્રણ ડિગ્રી તાપમાન રહ્યું છે. લોકપ્રિય ટ્યુરિસ્ટ રિસોર્ટ મનાલીમાં માઈનસ ૩.૮ ડિગ્રી રહ્યું છે. હવામાન ખાતાએ ૩૧મી ડિસેમ્બર સુધી હિમવર્ષાની આગાહી કરી નથી પરંતુ ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. બીજી બાજુ દિલ્હીમાં આજે સિઝનમાં બીજુ સૌથી રેકોર્ડ ઉંચુ તાપમાન નોંધાયું હતું અને ૪.૮ ડિગ્રી તાપામન થઈ ગયું હતું. સવારમાં ધુમ્મસની ચાદરના કારણે ૫૦ જેટલી ઉત્તર તરફ જતી ટ્રેનોના સમયમાં મુશ્કેલી નડી હતી. બીજી બાજુ ધુમ્મસની ચાદરના કારણે વિમાની સેવાને પણ અસર થઈ હતી. લાંબા અંતરની ટ્રેનોમાં વિલંબ થતાં લોકો અટવાઈ પડ્યા હતા. તાપમાનમાં ઘટાડો થયો છે. સમગ્ર ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીથી લોકોને કોઈ રાહત મળી રહી નથી. ઠંડીના કારણે ઉત્તર ભારતમાં વધુ ૨૦



લોકોના મોત થયા છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલમાં મોટા ભાગના વિસ્તારોમાં તાપમાન માઈનસમાં છે. ધુમ્મસની ચાદર મેદાની ભાગોમાં જોવા મળી રહી છે જેથી ટ્રેન અને વિમાની સેવા ખોરવાઈ ગઈ છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હી, એનસીઆર, ઉત્તરપ્રદેશ, પંજાબ, હરિયાણા, હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં કોલ્ડવેવની સ્થિતિ યથાવત રહી છે. જેથી ફ્લાઈટ અને ટ્રેન સેવાને અસદ્ધ થઈ છે. પારો મોટાભાગે ગગડી ગયો છે. ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં મોટાભાગના વિસ્તારો ધુમ્મસની ચાદર હેઠળ રહ્યા છે. દિલ્હી જતી ટ્રેનોને માઠીઅસર થઈ છે.મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ૨.૨થી ૨.૫ ડિગ્રી સુધી નોંધાયું છે. જયારે જમ્મુ કાશ્મીર અને હિમાચલમાં માઈનસમાં તાપમાન નોંધાયુ છે. મેદાની ભાગોમાં પણ લોકો ઠંડીછી બચવા તમામ પ્રયાસો કરી રહ્યા છે. ચિલ્લાઈકાલન તરીકે ઓળખાતા જમ્મુ કાશ્મીરમાં સૌથી કાતિલ ઠંડીના ગાળાની શરૂઆત થઈ ચુકી છે. હિમાચલ અને કાશ્મીરમાં પહાડીઓમાં હિમવર્ષા થઈ છે. પંજાબ, હરિયાણા, દિલ્હી અને રાજસ્થાનના મેદાની ભાગોમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ છે જેથી ટ્રેન સેવા ખોરવાઈ પડી છે. દિલ્હીમાં સેંકડો ટ્રેનો મોડેથી દોડી રહી છે. કોલ્ડવેવની સ્થિતિ યથાવત રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. વિમાની સેવાને પણ અસર થઈ છે.

## બે દશક બાદ એક રૂપિયાની નોટ ફરીથી રજૂ કરવા તૈયારી

નવી દિલ્હી,તા. ૨૭

બે દશકના લાંબા ગાળા બાદ હવે એક રૂપિયાની નોટ ફરી વાર રજૂ થનાર છે. જો કે આ વખતે તે જુદા કલરમાં રહેશે. જાણકાર લોકોએ કહ્યું છે કે અગાઉના ઈન્ડિગો કલરની જગ્યાએ તે આગળ પિન્ક-ગ્રીન કલરમાં રહેશે અને પાછળના હિસ્સામાં અન્ય કલર સાથે રહેશે. નાણાં મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા જાહેરનામામાં આ મુજબની વાત કરવામાં આવી છે. અન્ય નોટની જેમ જ એક રૂપિયાની નોટ સરકાર દ્વારા જારી કરવામાં આવનાર છે. એક રૂપિયાની નોટ પર નાણાં સચિવ હસ્તાક્ષર કરશે જ્યારે રીઝર્વ બેંક ના ગવર્નર અન્ય નોટ પર હસ્તક્ષર કરશે. વર્ષ ૨૦૧૫ની સાથે ગવરમેન્ટ ઓફ ઈન્ડિયા શબ્દોની ઉપર ભારત સરકાર શબ્દો રહેશે. સિમ્બોલ ફ્લોરલ ડિઝાઈનમાં રહેશે. સાગર સમ્રાટના પિકચરમાં નવી વિશેષતા રહેશે. છેલ્લા થોડાક વર્ષોમાં રીઝર્વ બેંક અને ભારત સરકારે એક સમાન દરના સિક્કા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું હતુ. જેથી ઉંચા ખર્ચ માટેના કારણોને રજૂ કરીને નોટ બંધ કરી




લીધા હતા. પ્રેસને લઈને પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. પરંતુ હવે એક રૂપિયાની નોટ ફરી ચલણમાં લાવવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના કારણે કેટલાક લોકો અને આર્થિક નિષ્ણાંતો આશ્ચર્યચકિત પણ છે. એક રૂપિયાની નોટ પ્રકાશમાં આવતા ઘણી રાહત થશે કારણ કે સાંમાન્ય લોકોને નાની નોટ નહી હોવાના કારણે ઘણી મુશ્કેલી નડે છે.

હવે બે રૂપિયાની નોટ અને પાંચ રૂપિયાની નોટ પણ ખુબ ઓછી જોવા મળે છે. જેથી આ નોટ પણ વધારવાંમાં આવે તેવી રજૂઆત કેટલાક નિષ્ણાંતો કરી ચુક્યા છે. જુદા જુદા વહેવારમાં આ નાની નોટની ભૂમિકા હમેંશા મહત્વપૂર્ણ રહે છે. એક રૂપિયાની નોટ ટુંક સમયમાં લોકો તેમના હાથમાં જોઈ શકશે. સામાન્ય લોકોમાં પણ આને લઈને ભારે ઉસુકતા છે.

## ભારતમાં નવી દવાના લોંચમાં ૮૭ ટકાનો ઘટાડો

નવી દિલ્હી,તા. ૨૭

ભારતભરમાં હાલમાં નવી દવા લોંચ કરવામાં છેલ્લા પાંચ વર્ષમાં ૮૭ ટકા સુધીનો ઉલ્લેખનીય ઘટાડો થયો છે. આનો મતલબ એ થયો કે છેલ્લા કેટલાક સમયથી નવી દવા બજારમાં આવી રહી નથી. આ બાબત ચોક્કસપણે ચિંતા ઉપજાવે તેવી છે. આના માટે દવા બનાવતી કંપનીઓ કિંમતોને લઈને રેગ્યુલેશન અને પોલીસીને જવાબદાર ગણે છે. દવા બનાવતી કંપનીઓનો આક્ષેપ છે કે સ્થાનિક અને બહુરાષ્ટ્રીય ફાર્મા કંપનીઓ માટે ભારતને આકર્ષક કેન્દ્ર બનાવવા અસરકારક પોલીસી અપનાવવામાં આવી નથી. પોલીસ અનિશ્ચિતાના કારણે ભારત દવા કંપનીઓ માટે આદર્શ રહ્યું નથી. વર્ષ ૨૦૦૮માં બારતમાં ૨૭૦ નવી દવાને વેચાણ માટે મંજૂરી આપવામાં આવી હતી. જે વર્ષ ૨૦૧૨ અને વર્ષ ૨૦૧૩માં ઘટીને ક્રમશ ૪૪ અને ૩૫ થઈ ગઈ હતી. વર્ષ ૨૦૧૪માં માત્ર ૫૬ નવી દવાને નવેમ્બર સુધી મંજૂરી આપવામાં આવી હતી. સરકારના આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. એક અગ્રણી સ્થાનિક ફાર્મા કંપનીના વરિષ્ઠ કારોબારીએ માહિતી આપતા કહ્યું છે કે મોટા ભાગની મોટી ફાર્મા કંપનીઓ ચાવીરૂપ માર્કેટની તેની યાદીમાંથી દુર થઈ ચુકી છે. અતિ કઠોર ધારાધોરણ અને અન્ય વિવિધ કારણોથી હવે નવી દવા લોંચ કરવામાં આવી રહી નથી દવાના એમઆરપીમાં પણ ઉલ્લેખનીય ઘટાડો થયો છે. જો કે ભાવ નિયંત્રણનુ નેટવર્ક વધુ વધી રહ્યું છે. દવા બનાવતી કંપનીઓ હવે ભારત પર વધારે ધ્યાન કેન્દ્રિત કરી રહી નથી. ઈન્ડસ્ટ્રીઝના અધિકારીઓ માને છે કે અન્ય કારણ તરીકે પોલીસીમાં અનિશ્ચિતા છે.

**મંજુર નવી દવાઓ...**

| વર્ષ | મંજુર નવી દવા |
|---|---|
| ૨૦૦૮ | ૨૭૦ |
| ૨૦૦૯ | ૨૧૭ |
| ૨૦૧૦ | ૨૨૪ |
| ૨૦૧૧ | ૧૪૦ |
| ૨૦૧૨ | ૪૪ |
| ૨૦૧૩ | ૩૫ |
| ૨૦૧૪ | ૫૬ |

## ઓસ્ટ્રેલિયાના જંગી જુમલાના જવાબમાં ભારતના એક વિકેટે ૧૦૮ રન

મેલબોર્ન,તા. ૨૭

મેલબોર્ન ક્રિકેટ મેદાન ખાતે રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચના બીજા દિવસે આજે રમત બંધ રહી ત્યારે ઓસ્ટ્રેલિયાના પ્રતમ દાવમાં ૫૩૦ રન ઓલઆઉટના જવાબમાં ભારત તેના પ્રથમ દાવમાં એક વિકેટે ૧૦૮ રન કર્યા હતા. આજે રમત બંધ રહી ત્યારે મુરલી વિજય ૫૫ અને ચેતેસ્વર પુજારા ૨૫ રન સાથે રમતમાં હતા. ઓપનિંગ બેટ્સમેન શિખર ધવન ફરી એકવાર ટુંકી ઈનિગ્સ રમીને આઉટ થઈ ગયો હતો. ઓસ્ટ્રેલિયા તરફથી હેરિસે શિખર ધવનની વિકેટ ઝડપી હતી. અગાઉ આજે સવારે ઓસ્ટ્રેલિયાને સસ્તામાં ઓલઆઉટ કરવાની ભારતની યોજના પર પાણી ફરી વળ્યું હતુ. કેપ્ટન સ્મીથે શાનદાર રમત રમી હતી. ઓસ્ટ્રેલિયા તરફથી સ્મીથે ૧૯૨ રન કર્યા હતા. જેના લીધે ઓસ્ટ્રેલિયાએ ફરી એકવાર વિશાળ જુમલો ખડક્યો હતો. સ્મીથે ૩૦૫ બોલમાં ૧૫ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી રન બનાવ્યા હતા. ભારત તરફથી શામીએ સૌથી વધુ ચાર વિકેટ ઝડપી હતી.જ્યારે ઉમેશ યાદવ અને અશ્વીને ત્રણ-ત્રણ વિકેટ



ઝડપી હતી.ગઈકાલના પાંચ વિકેટ ગુમાવીને ૨૫૯ રનથી આગળ રમતા યજમાન ટીમના ખેલાડીએ શાનદાર રમત રમી હતી. હેડિને સ્મીથને જોરદાર સાથ આપ્યો હતો.ગઈકાલે પ્રથમ દિવસે રમત બંધ રહી ત્યારે સ્ટીવ સ્મીથ ૭૨ રન સાથે રમતમાં હતો. તે હવે સદી તરફ વધીરહ્યો હતો. સ્મીથે આજે સદી પુરી કરી હતી.શરૂઆતની બન્ને ટેસ્ટ મેચમાં જીત મેળવીને ઓસ્ટ્રેલિયા ભારત પર ૨-૦ની લીડ ધરાવે છે. ઓસ્ટ્રેલિયાએ એડિલેડ ખાતે ભારત પર ૪૮ રને રોમાંચક જીત મેળવી લીધી હતી.જ્યારે બ્રિસ્બેનમાં રમાયેલી બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની બીજી ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ભારત પર ચાર વિકેટે જીત મેળવીને શ્રેણીમાં ૨-૦ની મહત્વપૂર્ણ લીડ મેળવી લીધી હતી. બન્ને ટેસ્ટમાં હાર ખાધા બાદ ભારતીય ટીમ પર જીત મેળવવા માટે હવે ખુબ દબાણ છે. ટીમમાં બર્ન્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. .પ્રથમ ટેસ્ટમાં કુલ છ સદી લાગી હતી. જેમાં ડેવિડ વોર્નર અને વિરાટ કોહલીએ બન્ને ઈનિગ્સમાં સદી કરી હતી. જ્યારે માઈકલ ક્લાર્કે પણ સદી કરી હતી. ઉપરાંત સ્મીથે પણ સદી કરી હતી. બીજી ટેસ્ટમાં પણ સ્મીથે સદી કરી હતી.ભારતીય ટીમના બેટ્સમેનો આવતીકાલે કેવો દેખાવ કરે છે તેના પર તમામ બાબતો આધાર રાખશે.

## કાશ્મીરમાં સરકાર રચવામાં મડાગાંઠ યથાવત

### ભાજપ અને પીડીપી દ્વારા સરકાર રચવાની શક્યતામાં ચકાસણી : રાજ્યપાલ દ્વારા બંનેને આમંત્રણ અપાયું છે : પીડીપી દ્વારા કમલ ૩૭૦ અંગે ખાતરીની માંગ

શ્રીનગર,તા. ૨૭

જમ્મુ કાશ્મીરમાં સરકારની રચનાને લઈને મડાગાંઠની સ્થિતિ અકબંધ બનેલી છે. હાલમાં જ યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોઈપણ પાર્ટીને સ્પષ્ટ બહુમતિ નહીં મળતા જટિલ સ્થિતિ સર્જાઈ ગઈ છે. પીડીપી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી હતી પરંતુ તેને પણ બહુમતિના આંકડા હાથ લાગ્યા નથી. પીડીપીના પ્રવક્તા નઈમ અખ્તરે માહિતી આપતા કહ્યું છે કે, સંબંધિત ભાગીદારો પાસેથી ખાતરી મેળવવામાં આવી રહી છે. એએફએસપીએ અને કલમ ૩૭૦ મામલે ભાજપ પાસેથી ખાતરી માંગવામાં આવી રહી છે. તેમણે કહ્યું હતું કે, તમામ વિકલ્પો ખુલ્લા છે. કોઈપણ પાર્ટી સાથે રાજ્યમાં સરકાર બનાવવા અંગે કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, ૮૭ વિધાનસભા બેઠકો પૈકી ૨૮ બેઠકો જીત્યા બાદ પીડીપી દ્વારા તમામ વિકલ્પો ઉપર ચર્ચા થઈ રહી છે. ભાજપ સાથે જોડાણ કરવાને લઈને પણ ચર્ચા થઈ રહી છે. નઈમ અખ્તરે કહ્યું હતું કે,





અમારા કોર એજન્ડામાં ચોક્કસ મુદ્દા રહેલા છે અને એવી ખાતરી કરવાની જરૂર છે કે, અમારા ગઠબંધન ભાગીદાર દ્વારા આને સ્વીકારવામાં આવશે. જે કોઈ પણ પાર્ટી હશે તેને અમારા મુદ્દા સ્વીકારવા પડશે. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપવાની જોગવાઈ ધરાવનાર કલમ ૩૭૦ને લઈને તેમની પાર્ટીનું વલણ બિલકુલ સ્પષ્ટ છે. તેમણે એણ પણ કહ્યું હતું કે, તેમની પાર્ટી રાજ્યમાંથી એએફએસપીએને લઈને પણ સ્પષ્ટ વલણ ધરાવે છે. ૨૫ બેઠકો જીતનાર ભાજપને પણ રાજ્યપાલ વોરા દ્વારા અલગ ચર્ચા માટે બોલાવવામાં આવ્યા છે. પહેલી જાન્યુઆરી સુધી સરકારની રચનાને લઈને ચર્ચા ચાલી રહી છે.

ભાવિ ગઠબંધન ભાગીદાર તરફથી રોટેશનલ મુખ્યમંત્રી પદની માંગણીને સ્વીકારવામાં આવશે તે અંગે પૂછવામાં આવતા પીડીપી પ્રવક્તાએ કહ્યું હતું કે, આવી કોઈ મંત્રણા હજુ થઈ નથી. નેશનલ કોન્ફરન્સ દ્વારા પણ પીડીપીને બિન શરતી ટેકાની ઓફર કરવામાં આવી છે. પીડીપી દ્વારા પણ તમામ વિકલ્પો ખુલ્લા રાખવામાં આવ્યા છે. નેશનલ કોન્ફરન્સનું કહેવું છે કે, રાજ્યના હિતમાં યોગ્ય નિર્ણય થશે.

## સમાચાર ઝલક

- કચ્છના ભુટકીયા ગામમાં પાંચથી દશ કિલોના બરફના કરા પડયા.
- સુરતમાં બેંક મેનેજરે હીરા વેપારી સાથે નવ કરોડની ઠગાઈ કરી.
- ભાવનગર નજીક ૪ કાળીયારનો શિકાર કરાયો. ૧ ડફેર ઝડપાયો.
- ગુજરાતમાં હવે ખાંડ ઉદ્યોગ માટે સરકાર પાસે રાહતની માંગણી.
- જેતપુરમાં સાડીના યુનિટમાં આગ ભભૂકતા કરોડોનું કાપડ-મશીનરી ભસ્મીભૂત.
- ગુજરાતના અગ્રણી પત્રકાર તથા રાજકીય વિશ્લેષકશ્રી દિનેશભાઈ રાજાનું ૮૦ વર્ષની વયે અવસાન.
- કેન્દ્રના આરોગ્ય બજેટમાં ૬ હજાર કરોડનો કાપ મુકાયો.
- પાસપોર્ટ રીન્યુ માટે પોલીસ વેરીફીકેશન નહીં થાય-વિદેશમંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજ.
- મિશન ઈન્દ્ધનુષ હેઠળ બાળકોને ૭ રોગોથી બચાવતી રસી મુકાશે.
- બેંકીંગ ક્ષેત્રે મોટા સુધારાઓ સાથે સુશાસન લક્ષી ૨૦ થી વધુ યોજનાઓ અમલી બનશે.
- કેન્દ્રીય કર્મચારીઓને ૨૦૧૫માં ૧૪ લાંબા વીક એન્ડ મળશે.
- ગાંધીજી વિરૂધ્ધ અભદ્રભાષાના ઉપયોગ બધા હિન્દુ મહાસભાના શ્રીમદન આચાર્ય સામે પોલીસ કેસ નોધાવ્યો.
- કેન્દ્ર સરકારની નવી યોજના ટ્રાન્સફર વગર ગેસનો બાટલો તેમજ નવું રેશન કાર્ડ બનાવવું નહી પડે.
- આદિવાસી મુખ્યમંત્રીની વરણી ન થવાથી ઝારખંડમાં બંધનું એલાન.
- અનિલ અંબાણી ગ્રૂપ દ્રારા જાપાનની સહયોગથી બેંક સ્થાપશે.
- ભારતમાં હીરા ઉદ્યોગ સામે ચીનનો મોટો ખતરો.
- રાજસ્થાનના પ્રધાનોને આતંકવાદી ધમકી મળી.
- શ્રીલંકામાં ભારે વરસાદથી ૧૪ નાં મૃત્યુ લાખોને અસર.
- ક્રિકેટર ધોનીએ ટેસ્ટ જીવનમાં અઢીસો કેચ પકડયા.
- રદ્દી ચલણી નોટોમાં કીટાણુ હોય છે. જે આરોગ્ય માટે ખતરારૂપ છે :- ડો.કમલરાય.
- હોલીવુડની સ્ટાર જેનીફર લોપેઝે ૪૦ મીનીટના પર્ફોમિન્સ માટે રૂા.૧૧ કરોડ લીધા.
- લીબીયામાં ઈસ્લામી આતંકીઓએ ૨૨ સૈનિકોને ઠાર કર્યા.

## કેરળમાં ઘર વાપસી કાર્યક્રમ યથાવત જારી રહેશે : વિહિપ

થિરુવંતનપુરમ,તા. ૨૭

કેરળમાં ઘર વાપસી કાર્યક્રમને ચાલુ રાખવાની જાહેરાત કરતા વિશ્વ હિન્દુ પરિષદે આજે જણાવ્યું હતું કે, કેરળમાં બળજબરીપૂર્વક ધર્માંતરણની કોઈ પ્રવૃત્તિ ચાલી રહી નથી. હિન્દુ ધર્મ સ્વીકારવા ઈચ્છુક લોકોને મદદ કરવામાં આવી રહી છે. વિશ્વ હિન્દુ પરિષદના રાજ્યના જનરલ સેક્રેટરી ભાર્ગવ રામે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, પહેલી જાન્યુઆરીના દિવસે આયોજિત એક કાર્યક્રમમાં લોકોને હિન્દુ ધર્મ સ્વીકારવાની વિધિ કરવામાં આવશે પરંતુ બળજબરીપૂર્વક કોઈ પણ પ્રવૃત્તિ ચાલી રહી નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે, ઘરવાપસી કાર્યક્રમ કોઈ નવો કાર્યક્રમ નથી. વિવાદ થયા બાદ નવેસરથી કાર્યક્રમ શરૂ થઈ રહ્યો નથી. કોંગ્રેસ અને ડાબેરી પક્ષો રાજકીય લાભ લેવાના પ્રયાસો કરી ચુકી છે પરંતુ તેમને સફળતા મળી ચુકી નથી. જમ્મુ કાશ્મીરમાં હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં આ બંને પક્ષોને ભારે નુકસાન થઈ ચુક્યું છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, હિન્દુથી અન્ય ધર્મમાં ધર્માંતરણની પ્રવૃત્તિ રાજી કરવાના ઈરાદાથી ચાલી ચુકી છે. છેલ્લા એક સપ્તાહથી કેરળમાં ધર્માંતરણનો મુદ્દો છવાયેલો રહ્યો છે. ચોક્કસ સમુદાયના કેટલાક લોકો હિન્દુ ધર્મમાં પરત ફરી ચુક્યા છે. વિશ્વ હિન્દુ પરિષદના ઘરવાપસી કાર્યક્રમને લઈને ભારે હોબાળો હાલમાં જોવા મળ્યો હતો.

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખાસ હાજરી આપશે**

## ઝારખંડમાં રઘુવરદાસની આજે તાજપોશી


રાંચી,તા. ૨૭

ઝારખંડના નવા મુખ્યપ્રધાન તરીકે આવતીકાલે રવિવારે રઘુવરદાસની તાજપોશી કરવામાં આવનાર છે. આની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં તાજપોશી કરવામાં આવનાર છે. તમામ રાજકીય પક્ષો પોત પોતાની રીતે તૈયારી કરી ચુક્યા છે. જમશેદપુર પૂર્વના પાંચ વખતના ભાજપના ધારાસભ્ય હવે તેમની કુશળતા મુખ્યપ્રધાન તરીકે સાબિત કરવા તૈયાર છે. રાજ્યમાં પ્રથમ વખત એક બિન આદિવાસી નેતા રાજયના મુખ્યપ્રધાન તરીકની જવાબદારી સંભાળી લેશે. સાથે સાથે રાજ્યના ઈતિહાસમાં પ્રથમ વખત ચૂંટણી પહેલાના ગઠબંધન દ્વારા સરકારની રચના કરવામાં આવનાર છે. મોદી પહોંચનાર છે જેથી તમામ સુરક્ષા વ્યવસ્થા પણ મજબુત કરવામાં આવી છે. બિન આદિવાસી નેતાને મુખ્યપ્રધાન બનાવીને ભાજપે એક નવી ચર્ચા છેડી દીધી છે. રઘુવરદાસ ગઈકાલે ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે ચુંટાઈ આવ્યા હતા. પુર્વીય જમશેદપુરમાંથી પાંચ વખતના ધારાસભ્ય દાસ ઝારખંડના ૧૦માં મુખ્યમંત્રી તરીકે શપથ લેવા જઈ રહ્યા છે. રઘુવરદાસ ૨૮મી ડિસેમ્બરના દિવસે મુખ્યમંત્રી તરીકે શપથ લેનાર છે. જેની તમામ તૈયારી કરવામાં આવી છે. ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ છે. ભાજપ દ્વારા નિર્ણય લેવામાં આવ્યા બાદ દાસે આ તક આપવા બદલ લોકોનો આભાર માન્યો હતો. રઘુવર દાસ કહી ચુક્યા છે કે ઝારખંડમાં વિકાસ અને ગુડ ગવર્નન્સને તેઓ સર્વોચ્ચ પ્રાથમિક્તા આપશે. ઝારખંડમાં પ્રથમ વખત ટોપ હોદ્દા માટે બિનઆદિવાસીની પસંદગી કરાઈ છે. હજુ સુધી આદિવાસી સમુદાયમાંથી જ મુખ્યમંત્રી બન્યા હતા. ભૂતકાળમાં ભાજપે પણ બે આદિવાસીઓને મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોંપી હતી. જેમાં બાબુલાલ મારંડી અને અર્જુન મુંડાનો સમાવેશ થાય છે. જેએમએમના નેતાઓ સીબુ સોરેન, હેમંત સોરેન, મધુ કૌડા પણ આદિવાસી નેતાઓ રહ્યા છે જે ૧૪ વર્ષ અગાઉ રાજ્યની રચના થયા બાદથી મુખ્યમંત્રી રહી ચુક્યા છે. મોદી લહેર વચ્ચે અન્ય રાજકીય પક્ષોનો સફાયો થયો હતો.

## આસામ હિંસા : સેનાના વડા દ્વારા સમીક્ષા કરાઈ

ગુવાહાટી,તા. ૨૭

સેનાના વડા દલબીરસિંહ સુહાગ આજે પરિસ્થિતિની સમીક્ષા કરવા ગુવાહાટી પહોંચી ગયા હતા. એનડીએફબીના બળવાખોરો દ્વારા હાલમાં જ વ્યાપક આતંક મચાવીને ૮૫થી વધુ લોકોની હત્યા કરી દીધા બાદ બળવાખોરો સામે ઓપરેશનને તીવ્ર બનાવવા તમામ પગલા લેવાયા છે. ભૂટાન સરહદ ઉપર બળવાખોરો સામે તમામ પગલા લેવામાં આવ્યા છે. સેનાના વડા દ્વારા ભુટાન સરહદ ઉપર કેટલાક વિસ્તારોમાં હવાઈ



નિરીક્ષણ કરવાની પણ યોજના છે. બળવાખોર વિરોધી ઓપરેશન પહેલાથી જ વધુ તીવ્ર બનાવી દેવામાં આવ્યું છે. સંરક્ષણ પ્રવક્તાએ કહ્યું છે કે, સેનાના ટોચના અધિકારીઓ સાથે આજે વાતચીત કરવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે, ચાર જિલ્લાઓમાં ૭૨ હજારથી વધુ લોકોને અસર થયેલી છે. તાજેતરના હુમલાઓમાં મોતનો આંકડો વધીને ૮૫ ઉપર પહોંચી ચુક્યો છે. ૭૨૬૭૫ લોકો ૬૧ રાહત કેમ્પમાં હાલ રહી રહ્યા છે. કોકરાઝારમાં પણ રાહત કેમ્પ ઉભા કરાયા છે.

## દાઉદ સંદર્ભે કઠોર પગલા લેવાશે : રાજનાથ

નવી દિલ્હી,તા. ૨૭

અન્ડરવર્લ્ડ ડોન દાઉદ પાકિસ્તાનમાં છુપાયેલો હોવાના અહેવાલ આવ્યા બાદ આને લઈને હવેપાકિસ્તાનની મુશ્કેલી વધી ગઈ છે. પાકિસ્તાન ઉપર કાર્યવાહી કરવાનું દબાણ વધ્યું છે. ભારતના ગૃહપ્રધાન રાજનાથસિંહે આજે દાઉદ અંગે પૂછવામાં આવતા કહ્યું હતું કે, દાઉદની ધરપકડ માટે થોડાક સમયની રાહ જોવાની જરૂર છે. હજુ ધીરજ રાખવાની જરૂર છે. સરકાર આ સંદર્ભમાં વેટ એન્ડ વોચની પોલિસી ઉપર ચાલી રહી છે. રાજનાથસિંહે કહ્યું હતુંકે, પાકિસ્તાન સમક્ષ દાઉદને સોંપી દેવા અનેક વખત રજૂઆત કરવામાં આવી છે. ટૂંક સમયમાં જ એક્શન લેવામાં આવશે. ગૃહરાજ્યમંત્રી કે રિજ્જુએપણ કહ્યુંછે કે, નવા પુરાવાથી ભારતની સ્થિતિ મજબૂત બની છે. તેમણે કહ્યું હતું કે, દાઉદ પાકિસ્તાનમાં હોવાના પુરાવા ભારતે હંમેશા રજૂ કર્યા છે. આ વખતે પણ અમે પાકિસ્તાન સમક્ષ દાઉદને સોંપી દેવાની માંગ કરી રહ્યા છે. પાકિસ્તાન ફરીએકવાર ત્રાસવાદ અને અન્ડરવર્લ્ડને લઈને ખુલ્લુ પડી ગયું છે. વેબસાઈટ ન્યુઝમોબાઈલ.ઈનમાં જણાવવામાં આવ્યું છે કે, ડોન દાઉદ પાકિસ્તાનમાં ખુબ શાંતિથી અને આરામથી રહી રહ્યો છે. આ ટેપ નવી હોવાનું પણ જાણવા મળ્યું છે. મુંબઈ હુમલામાં દાઉદની મુખ્ય ભૂમિકા હતી. આ હુમલામાં ૨૫૦થી વધુ લોકોના મોત થયા હતા અને ૭૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. દાઉદને પકડી પાડવા અને તેની સામે કાર્યવાહી કરવા નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણી પ્રચાર દરમિયાન વાત કરી હતી. મોદીએ એ વખતે એમ પણ કહ્યું હતું કે, દાઉદને ચોક્કસપણે પકડી પાડવામાં આવશે. આ સંબંધમાં પહેલાથી કોઈને કહેવામાં આવશે નહીં. દાઉદ પાકિસ્તાનમાં છે તેવા અહેવાલ આવ્યા બાદ નવાઝ શરીફ સરકાર પર દબાણ વધી ગયું છે. આંતરરાષ્ટ્રીય સંગઠનો દ્વારા પણ હવે શરીફ ઉપર દબાણ લાવવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મુંબઈથી પ્રાપ્ત અહેવાલ મુજબ સુરક્ષા નિષ્ણાત કામર આઘાએ દાઉદની ધરપકડ કરવા પાકિસ્તાન પર દબાણ લાવવા કહેવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સમુદાય દબાણ લાવે તે જરૂરી છે. પશ્ચિમી ઈન્ટેલીજન્સ સંસ્થાએ હાલમાં જ ધડાકો કર્યો હતો કે, દાઉદ અને રિયલ એસ્ટેટના એજન્ટ વચ્ચે વાતચીતની ટેપ તેમની પાસે છે. દાઉદ ભારત અને અમેરિકા બંનેમાં વોન્ટેડ છે. અનેક ગુનાઓ તે મુંબઈમાં પણ કરી ચુક્યો છે. ૯૦ના દશકમાં મુંબઈમાં બ્લાસ્ટમાં પણ તે સામેલ રહ્યો હતો. પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદી સંગઠનોને નાણા આપવા માટે પણ તે જાણીતો રહ્યો છે. માત્ર ભારતમાં જ નહીં બલ્કે અમેરિકામાં પણ તે વોન્ટેડ છે. અમેરિકન સરકાર દ્વારા તેને આતંકવાદી તરીકે જાહેર કરેલો છે.